ક્રમાંકઃ અ--૩/ડીપી/૨૦૧૪/૯૪૬૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી.
બ્લોક નં.૨,ઉજો માળ,બહુમાળી ભવન
મહેસાણા જિલ્લો,મહેસાણા
તા.૨૭/૧/૨૦૧૪

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ બિન સરકારી માધ્યમિક/ઉ.મા.શાળાઓ
મહેસાણા જિલ્લો,મહેસાણા

વિષયઃ બાકી એરિયર્સ બીલો રજુ કરવા અંગે...

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે આપની શાળામાં હાલ ફરજ બજાવતા હોય તેવા તેમજ નિવૃત થઈ ગયેલ કર્મચારીઓને નીચેની વિગતે બાકી લેવાના થતા એરિયર્સ બીલો અત્રેની કચેરીએ રજુ કરવાના બાકી હોયતો આપની કક્ષાએ પૂરતી ચકાસણી કરી જોઈતા આધારો સાથે તા.૪/૨/૨૦૧૪ થી તા.૬/૨/૨૦૧૪ સુધીના સમયગાળા દરખાસ્ત રાખેલ કેમ્પમાં સાથે લઈ આવવા જણાવવામાં આવે છે.

બીજુ કે આપની શાળાના કર્મચારીઓના અગાઉ અત્રેની કચેરીએ રજુ કરેલ બીલો કેમ્પમાં રૂબરૂ મેળવી લેવાના રહેશે.અને શાળા તરફથી રજુ કરેલ બીલો કચેરીને મળી ગયેલ છે.અને હવે કોઈ એરીયર્સ બીલ મોકલવાનું બાકી રહેતુ નથી તે મતબલનું આ સાથે સામેલ રાખેલ નુમનામાં પ્રમાણપત્ર કેમ્પના સ્થળે આપવાનું રહેશે.જેથી કોઈ કર્મચારીને એરીયર્સ બીલની ચુકવણી રહી જવા પામે નહી અને આ અંગે જે કોઈ પ્રશ્ન ઉભો થાય નહી.તો આ બાબતે આપની કક્ષાએ પુરતી ચકાસણી કરી લેવાની રહેશે.આટલી કાળજી લેવા છતાં જે કોઈ પ્રશ્ન પાછળથી ઉભો થશે તો તે અંગેની સઘળી જવાબદારી આચાર્યશ્રી રહેશે.જેની નોંધ લેશો.તેમજ માહેઃ ફેબ્રુઆરીઃ૧૪ના માસના પગારના ડેટા પણ રાખેલ કેમ્પના સ્થળે રજુ કરવાના રહેશે.

**એરિયર્સ બીલની વિગતઃ**

૧. નિવૃતી બાદ મળવાપાત્ર રજા રોકડ રૂપાંતર બીલ

૨. ઉચ્ચતર પગાર ધોરણ એરિયર્સ

૩. ફીકસ પગારમાંથી પુરા પગારમાં સમાવ્યા અંગે મળવાપાત્ર પુરા પગાર તફાવતનું બીલ

૪. એલ.ટી.સી.બીલ

જિલ્લા શિક્ષણાધિકારી
મહેસાણા જિલ્લો,મહેસાણા

**કેમ્પનું સ્થળઃ**
કમળાબા હોલ,
જે.એમ.ચૌધરી સાર્વ.હાઈસ્કૂલ,મહેસાણા
તા.૪/૨/૧૪ થી તા.૬/૨/૧૪ સુધી
સમયઃ સવારે ૧૦.૩૦ થી ૧૫.૦૦ કલાક સુધી.

# <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે.કે,મારી શાળાના ફરજ ઉપર ચાલુ છે.તેવા તેમજ નિવૃત થયેલ કર્મચારીઓને બાકી ચુકવવા પાત્ર થતા એરિયર્સ બલો નીચેની વિગતે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ મોકલી આપેલ છે.જે કેમ્પના સ્થળે મેળવણું કરતાં મારી ગણતરી મુજબના મળી ગયેલ છે.મારા તરફથી કોઈ ડુપ્લીકેટ એરિયર્સ બીલ રજુ કરવામાં આવેલ નથી.અને રજુ કરેલ તમામ બીલોની મારી કક્ષાએ પુરતી ચકાસણી કરવામાં આવેલ છે.જેમાં કોઈ ક્ષતિ રહી જવા પામેલ નથી.

**<u>બિલોની વિગતઃ</u>**